દાખલ તારીખ :– ૩૦/૧૧/૨૦૨૪
રજી. તારીખ :– ૩૦/૧૧/૨૦૨૪
ફેસલ તારીખ :– ૦૪/૦૭/૨૦૨૬
સમયગાળો :– વર્ષ માસ દિવસ
૦૧ ૦૭ ૦૪

**અમદાવાદ ગ્રામ્યના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની**

**કોર્ટમા, મુ. નવરંગપુરા, અમદાવાદ.**

**રીવ્યુ અરજી નંબર : ૦૭/૨૦૨૪**

આંક :

**અરજદાર :** **(૧) ચેહરાજી લક્ષ્મણજી ઠાકોર**
**(૨) વિષ્ણુજી ચેહરાજી ઠાકોર**
**(૩) કરશનજી ચહેરાજી ઠાકોર**
**(૪) વર્ષાબેન તે જોબનજી ઠાકોરની દીકરી તથા સંજયસિંહ મકવાણાની પત્ની**
**(૫) ભાવેશ જોબનજી ઠાકોર (યાદવ)**
**(૬) સાવિત્રીબેન જોબનજી ઠાકોર**
**(૭) વિક્રમકુમાર ચેહરાજી ઠાકોર પોતે જાતે તથા અરજદાર નં. ૧ થી ૬ ના કાયદેસરના રજી. કુલમુખત્યાર તરીકે ઉ.વ. ૪૯, ધર્મે : હિન્દુ,**
રહે. ઠાકોર વાસ, ગામ : લપકામણ,
તા. ઘાટલોડીયા (જૂનો : દસ્ક્રોઈ)
જી.અમદાવાદ.

**વિરુધ્ધ**

**સામાવાળા :** **લલીતભાઈ જયંતિભાઈ પટેલ**
રહે. ૫૧, યુગાન્ડા પાર્ક સોસાયટી,
સભાષચોક પાસે, ગુરૂકૂળ રોડ,
મેમનગર, અમદાવાદ.

---

**બાબત : સી.પી.સી. કલમ : ૪૭, રૂલ : ૧(એ) સાથે વાંચતા સી.પી.સી. કલમ : ૧૧૪ મુજબ પુન:વિચારણા અરજી.**

---

---

| | | |
|---|---|---|
| **અરજદાર તરફે** | : | **વિ.વ.શ્રી. એ.એમ.જાની** |
| **સામાવાળાઓ તરફે** | : | **વિ.વ.શ્રી. એ.જે.પટેલ** |

---

**-:: ચુકાદો ::-**

(૧) અરજી વંચાણે લીધી. અરજદારો ધ્વારા સદરહુ અરજી સ્પે.દી.મુ.નંબર : ૭૩/૨૦૨૨ ના કામમાં તારીખ : ૨૨/૦૪/૨૦૨૨ ના રોજ થયેલ આખરી હુકમ તથા તારીખ : ૨૭/૦૫/૨૦૨૨ ના રોજના હુકમનામા અંગે પુન:વિચારણા કરવા સી.પી.સી. કલમ : ૪૭, રૂલ : ૧(એ) સાથે વાંચતા સી.પી.સી. કલમ : ૧૧૪ મુજબ હાલની આ અરજી કરેલ છે.

અરજદાર પોતાની અરજીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, મોજે ગામ લપકામણ, તા. દસ્ક્રોઇ, જી.અમદાવાદની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નંબર : ૩૫૯ (જૂનો નં. ૩૦૪) વાળી કુલ : ૧૭,૮૪૬ ચો.મી. વાળી જમીન ચેહરાજી લક્ષ્મણજી ઠાકોરની તેમજ તેઓના અન્ય ભાયાત સ્વ. ચુંડાજી બેચરજી ઠાકોરની સહ-માલીકી કબજા-ભોગવટાવાળી વણ-વહેંચાયેલી વડલોપાર્જીત સવાલવાળી જમીન આવેલી. તે જમીન અંગે અન્ય ત્રાહિત ચેતનકુમાર જશુભાઈ પટેલે સને : ૨૦૦૯ ની સાલમાં ખોટી રીતે વેચાણ દસ્તાવેજો સામાવાળા નંબર : ૨ કાનાજી બેચરજી ઠાકોર, મુખ્ય અરજદાર નંબર : ૧ ચેહરાજી લક્ષ્મણજી ઠાકોર તથા તેઓના ભાયાત સ્વ. ચુંડાજી બેચરજી ઠાકોરની પાસેથી કરાવડાવી લીધેલ. ત્યારબાદ તે દસ્તાવેજો ખોટા અને ગેરકાયદેસરના હોય, તે બાબતે અરજદાર નંબર : ૧, સામાવાળા નંબર : ૨ તથા તેઓના ભાયાત સ્વ. ચુંડાજીએ અત્રેની અદાલતમાં ગત તારીખ : ૦૪/૦૯/૨૦૧૨ ના રોજ સ્પે. દિ. મુ. નંબર : ૫૯૮/૨૦૧૨ નો દાવો દાખલ કરેલ. તે દાવાના કામે આંક : ૫ ઉપર મનાઈ હુકમ ન મળતા, તેનાથી નારાજ થઈને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ ફ્રોમ ઓર્ડર નંબર : ૧૦૭/૨૦૧૪ ની દાખલ કરી, તે કામે સને : ૨૦૧૮ ના અરસામાં દાવાના આખરી નિકાલ આવતા સમય સુધીનો કામ ચલાઉ મનાઈ હુકમ મેળવેલ. ત્યારબાદ ચાલુ દાવે અને ચાલુ મનાઈ હુકમે અગાઉ આ જમીન વેંચાણ થઈ

ગયેલી હોવા છતાં અને તે હકીકતથી આ કામના સામાવાળા નંબર : ૧ સારી રીતે વાકેફ હોવા છતાં, તેઓએ સામાવાળા નંબર : ૨ ની પાસેથી તેઓનો આ જમીનમાં પણ કોઈ હકક ન હોવા છતાં, કહેવાતા વણ–વહેંચાયેલા ભાગ અંગેનું તારીખ : ૨૪/૦૬/૨૦૨૧ ના રોજ નોટરાઈઝડ બાનાખત કરાવડાવી, તે બાનાખત તેઓની પાસે હોવા છતાં ગત તારીખ : ૧૯/૦૨/૨૦૨૨ ના રોજ ફરીથી આ જ જમીન અંગે આ સામાવાળા નંબર : ૧ નાએ સામાવાળા નંબર : ૨ ની પાસેથી રજીસ્ટર્ડ બાનાખત કરાવડાવી લીધેલ અને તેને કબુલ કરતો અલગથી લેખ સામાવાળા નંબર : ૩ થી ૪ ની પાસેથી સામાવાળા નંબર : ૧ નાએ કરાવડાવી લીધેલ. ત્યારબાદ તેના માત્ર બે જ દિવસ પછી એટલે કે તારીખ : ૨૧/૦૨/૨૦૨૨ ના રોજ નોટરાઈઝડ બાનાખતને આધારે સામાવાળા નંબર : ૧ નાએ સામાવાળા નંબર : ૨ થી ૪ ની વિરૂધ્ધ અત્રેની અદાલતમાં સ્પે. દિ. મુ. નંબર : ૭૩/૨૦૨૨ નો દાવો દાખલ કરેલ અને સામાવાળાઓ નંબર : ૨ થી ૪ નાઓને રજી.એ.ડી. થી તે દાવાનો સમન્સ/નોટીસની બજવણી કરાવડાવી, જાતે એડવોકેટ રોકાવડાવીને સમાધાનની કરારદાદ રજુ કરાવડાવી, પોતાનો દાવો કબુલ કરાવડાવી લીધેલ. તેમજ તેને આધારે નામદાર કોર્ટે ગત તારીખ : ૨૨/૦૪/૨૦૨૨ ના રોજ હુકમ તેમજ તારીખ : ૨૭/૦૫/૨૦૨૨ ના રોજ હુકમનામુ જાહેર કરી, સામાવાળા નંબર : ૧ નો દાવો મંજુર કરેલ. ત્યારબાદ આ કામના સામાવાળા નંબર : ૨ નાએ મુખ્ય અરજદાર નંબર : ૧ ની તરફેણમાં તેમનો આ જમીનમાંથી પોષાતો કાયદેસરનો હકક, હિત, હિસ્સો તથા દાવો–અલાખો વગેરે તમામ તેઓની તરફેણમાં રજીસ્ટર્ડ હકક કમીના લેખથી જતા કરેલ અને ત્યારબાદ પાછળથી આ જમીન અંગે કાયદાકીય સલાહ મેળવીને રેવન્યુ શોધ કરાવતા, આ કામના સામાવાળા નંબર : ૧ અને ૨ ની વચ્ચેના રજીસ્ટર્ડ બાનાખત અંગેની જાણકારી મુખ્ય અરજદારોને થવા પામેલ. ત્યારબાદ તેના આધારે સામાવાળા નંબર : ૧ થી ૪ નાઓને કાયદેસરની નોટીસ એડવોકેટશ્રી મારફતે ગત તારીખ : ૦૪/૦૮/૨૦૨૨ ના રોજ મોકલી આપેલ અને તેનો આ કામના સામાવાળા નંબર : ૧ નાઓ ધ્વારા ઉડાઉ જવાબ આપવામાં આવેલ. ત્યારબાદ પાછળથી આ કામના સામાવાળા નંબર : ૨ થી ૪ નાઓએ પણ ગત તારીખ : ૨૫/૦૮/૨૦૨૨ ના

રોજ તેઓના એડવોકેટશ્રી મારફતે લેખીત જવાબ મોકલી આપેલ. ત્યારબાદ આ સમગ્ર ઘટનામાં અરજદારો પૈકી, મુખ્ય અરજદાર નંબર : ૧ નો આ જમીનમાં કાયદેસરનો હિત, હિસ્સો તથા દાવો–અલાખો વગેરે ચાલુ હોઈ તેઓના હકકોને નુકશાન થતુ હોવાની જાણ થતા સદરહુ અરજી દાખલ કરી દાદ માંગેલ છે કે,

**(અ)** તેમની આ અરજીની તમામ હકીકતો તેમજ રેકર્ડે પડેલ તમામ પુરાવાઓ વગેરેને ધ્યાને લેતાં, આ કામના સામાવાળા નંબર : ૧ નાએ ગેરરીતી કરી, નામદાર કોર્ટને સત્ય હકીકતોથી વાકેફ કર્યા વગર તેમજ અધુરા અને અપુરતા પુરાવા રજુ કરીને, કાયદાની જોગવાઈઓનો ગેરફાયદો ઉઠાવીને સ્પે. દિ. મુ. નંબર : ૭૩/૨૦૨૨ ના કામમાં ગત તારીખ : ૨૨/૦૪/૨૦૨૨ ના રોજ વાદગ્રસ્ત હુકમ તથા હુકમનામુ (તારીખ : ૨૭/૦૫/૨૦૨૨) નું કરાવડાવેલ હોઈ, તે બાબતને અનુલક્ષીને સદર વાદગ્રસ્ત હુકમ તથા હુકમનામાનું સી.પી.સી. ઓર્ડર : ૪૭, રૂલ : ૧ (એ) સાથે વાંચતા સી.પી.સી. કલમ : ૧૧૪ મુજબ પુનર્વિલોકન કરવા તથા રજુ થયેલ રજુઆતો વગેરેને ધ્યાને લઈ, અરજદારો પૈકી, મુખ્ય અરજદાર નંબર : ૧ ચેહરાજી લક્ષ્મણજી ઠાકોરનું સવાલવાળી જમીનમાં કાયદેસરનું હિત રહેલ હોઈ, તેઓના હિતોને નુકશાન કરતો સદર વાદગ્રસ્ત હુકમ તથા હુકમનામુ છે, તેવું ઠેરવી, સદર હુકમ તથા હુકમનામુ રદ કરવા યોગ્ય હુકમ કરવા તથા,

**(બ)** અમારી હાલની આ અરજીની હકીકતો જોતાં આપ નામદાર કોર્ટ સ્પે. દિ. મુ. નંબર : ૭૩/૨૦૨૨ ના કામમાં થયેલ ગત તારીખ : ૨૨/૦૪/૨૦૨૨ ના રોજના આખરી હુકમ તથા ગત તારીખ : ૨૭/૦૫/૨૦૨૨ ન રોજ થયેલ હુકમનામાનો અમલ હાલની આ અરજીનો ન્યાયીક નિર્ણય આવે નહીં ત્યાં સુધી મોકુફ રાખવા અરજ કરેલ છે.

સદરહુ અરજીના કામે અરજદાર ધ્વારા નિ.૩/૧ થી નિ. ૩/૧૨ સુધીના દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે.

**(૨)** સદરહુ અરજીના કામે આ કામના સમાવાળાઓને નોટીસ કરતા આ કામના સામાવાળાનાઓ પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે. તેઓના વિ.વ.શ્રીનાઓએ દલીલ કરેલ છે કે, અરજદારો ધ્વારા સદરહુ અરજીમાં

ઈરીલેવન્ટ હકીકત જણાવી કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે. અરજદારની અરજીમાં જણાવેલ તમામ હકીકતો ખોટી, ગેરકાયદેસરની અને ઉપજાવી કાઢેલ છે. વધુમાં નામદાર અદાલત ધ્વારા સ્પે.દી.મુ.નંબર : ૭૩/૨૦૨૨ ના કામે પક્ષકારો વચ્ચે ધરમેળે સમાધાન થઈ જતા, નકકી કરેલ સમાધાન મુજબ આંક : ૧૪ થી રજૂ કરારદાદ પુરસીસ આધારે તારીખ : ૨૨/૦૪/૨૦૨૨ ના રોજ સી.પી.સી. ઓર્ડર : ૨૩, રૂલ : ૩ મુજબ હુકમ તથા હુકમનામુ ફરમાવવામાં આવેલ છે. આમ, સદરહુ દાવો તે ગુણદોષ ઉપર નકકી થયેલ નથી. પરંતુ પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન મુજબ દાવો ફેંસલ કરવામાં આવેલ છે. વધુમાં અરજદારો ધ્વારા સદરહુ અરજી સી.પી.સી. ઓર્ડર : ૪૭, રૂલ : ૧ હેઠળ દાખલ કરવામાં આવેલ છે. જે હકીકતે અરજદારો ધ્વારા એવી કોઈ જ હકીકત નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી કે જેના આધારે નામદાર કોર્ટે સ્પે.દી.મુ.નંબર : ૭૩/૨૦૨૨ ના કામે કરેલ આખરી હુકમમાં ફેરફાર કરી શકાય. જેથી અરજદારની અરજી પ્રથમથી જ ટકવાપાત્ર ના હોય, અરજદારને તેમની અરજીમાં માંગ્યા મુજબની દાદ મળી શકે નહી. જેથી અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે. વધુમાં આ કામના સામાવાળા ધ્વારા આંક : ૦૮ થી લેખીત દલીલ રજૂ કરેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે. વધુમાં આ કામના સામાવાળાનાઓ ધ્વારા પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે. જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

**(૧) નામદાર અલ્હાબાદ હાઈકોર્ટ રીવ્યુ અરજી નં. ૧૮૪૧૯૩/ ૨૦૦૪ મે. આજ પ્રકાશન લી. વિ. પ્રિસાઈડીંગ ઓફિસર.**

**(૨) ૨૦૨૨, સુપ્રિમ કોર્ટ, પાના નંબર : ૧૫૮.**

**(૩) એ.આઈ.આર.૨૦૦૫, સુપ્રિમ કોર્ટ પાના નં. ૪૧૬૫.**

**(૩)** આ કામના અરજદારના વિ.વ.શ્રીનાઓ ધ્વારા પોતાની સદરહુ અરજીની હકીકતે દલીલ કરી, અરજદારની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે. તેમજ પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

**(૧) ૧૯૯૫, લોસ્યુટ (ગુજ.) ૨૯૦.**

**(૨) ૧૯૯૫, એ.આઈ.આર. (ગુજ) ૨૦૬.**

**(૪)** અરજદારની સદરહુ અરજી, અરજી લગત રજૂ દસ્તાવેજી પુરાવાઓ, બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીનાઓની દલીલો વિગેરે તમામ હકીકતો ધ્યાને લેતા, આ કામના અરજદારો ધ્વારા સદરહુ અરજી સ્પે.દી.મુ.નંબર : ૭૩/૨૦૨૨ ના કામમાં તારીખ : ૨૨/૦૪/૨૦૨૨ ના રોજ થયેલ આખરી હુકમ તથા તારીખ : ૨૭/૦૫/૨૦૨૨ ના રોજના હુકમનામા અંગે પુન:વિચારણા કરવા સારૂ દાખલ કરેલ છે. અરજદાર ધ્વારા સદરહુ અરજીના કામે નિ. ૩/૯ થી રજૂ આ કામના સામાવાળાનાઓ ધ્વારા આ કામના અરજદારો વિરુધ્ધ દાવાવાળી મિલ્કત બાબતે અત્રેની અદાલત સમક્ષ સ્પે.દી.મુ.નંબર : ૭૩/૨૦૨૨ થી કરેલ દાવો, તે દાવા લગત અત્રેની અદાલત ધ્વારા કરવામાં આવેલ હુકમ તથા હુકમનામુ રજૂ છે. જે વંચાણે લેતા, તે દાવાના કામે આ કામના પક્ષકારો વચ્ચે ધરમેળે સમાધાન થઈ જતા, નકકી કરેલ સમાધાન મુજબ અત્રેની અદાલત ધ્વારા આંક : ૧૪ થી રજૂ કરારદાદ પુરસીસ આધારે તારીખ : ૨૨/૦૪/૨૦૨૨ ના રોજ સી.પી.સી. ઓર્ડર : ૨૩, રૂલ : ૩ મુજબ હુકમ તથા હુકમનામુ દોરેલ હોવાનુ જણાય છે. આમ, અત્રેની અદાલત ધ્વારા સદરહુ દાવાને ગુણદોષ ઉપર નહી પરંતુ, બન્ને પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન આધારે સી.પી.સી.ઓર્ડર : ૨૩, રૂલ : ૩ થી ફેંસલ કરવામાં આવેલ છે. તેમજ તે હકીકતે આ કામના સામાવાળા તરફે રજૂ **નામદાર અલ્હાબાદ હાઈકોર્ટ રીવ્યુ અરજી નં. ૧૮૪૧૯૩/૨૦૦૪, મે. આજ પ્રકાશન લી. વિ. પ્રિસાઈડીંગ ઓફિસર** વાળા ચુકાદના પેજ નંબર : ૧૫ વંચાણે લેતા,

> 9. Hon'ble Apex Court in the case of Union of India v. B. Valluvar, 2006 (8) SCC 686, has again considered the parameters of Review jurisdiction of High Court, that same shall be exercised within the limitations as provided under Section 114 read with Order 47 Rule of C.P.C., and without recording finding as to there existed error apparent on the face of the record, merit cannot be gone into.

"27. A review petition filed by the appellants herein was not maintainable. There was no error apparent on the face of the record. The effect of a judgment may have to be considered afresh in a separate proceeding having regard to the subsequent cause of action which might have arisen but the same by itself may not be a ground for filing an application for review.

આમ, અત્રેની અદાલત ધ્વારા સ્પે.દી.મુ.નંબર : ૭૩/૨૦૨૨ ના કામે બન્ને પક્ષકારો વચ્ચે ધરમેળે સમાધાન આધારે સી.પી.સી. ઓર્ડર : ૨૩, રૂલ : ૩ મુજબ હુકમ તથા હુકમનામુ દોરવામાં આવેલ હોય, તેમજ ત્યારબાદ આ કામના સામાવાળાનાઓ ધ્વારા આ કામના અરજદારો સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરેલ હોય અને તે અંગે આ કામના અરજદારો ધ્વારા કોઇ ક્રિમીનલ ફરિયાદ કરેલ હોય, તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી જણાઇ આવતી નથી. જેથી, અરજદારો પોતાની સદરહુ અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર બનતા ના હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) અરજદારની હાલની અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ તારીખ : ૦૪ થી માહે : જૂલાઇ, સને. ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૦૪/૦૭/૨૦૨૬.

(એસ.આર.સિંહ)
પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ
અમદાવાદ(ગ્રામ્ય), નવરંગપુરા,

એન.એ.પટેલ
સ્ટેનો.